# પ્રેષિતો સિમોન અને યહૂદા
## ફાધર વગીર્સ પૉલ

બીજી વૅટિકન વિશ્વ પરિષદના ઉપાસનાવિધિ અંગેનો ખતપત્ર જણાવે છે કે, "જેમ ખ્રિસ્તને એમના પિતાએ મોકલ્યા હતા તેવી જ રીતે ખ્રિસ્તે પવિત્ર આત્માથી સભર પ્રેષિતોને દુનિયાભરમાં મોકલ્યા છે. પ્રેષિતોને દરેક પ્રજા પાસે એટલા માટે મોકલવામાં આવ્યા છે કે તેઓ ઇશ્વરપુત્રની ઘોષણા કરે. એમની ઘોષણાનો સાર હતો કે ખ્રિસ્તે પોતાના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા આપણને મૃત્યુ અને સેતાનની પકડમાંથી મુકત કર્યા છે અને આપણને તેઓ પોતાના પિતાના રાજયમાં લાવ્યા છે."

બાઇબલના નવા કરારમાં પ્રેષિતો પીતર, જેમ્સ, યોહાન અને માથ્થી વિશે થોડીઘણી માહિતી મળે છે. પરંતુ બારમાના બાકીના પ્રેષિતો અંગે આપણને ભાગ્યે જ કોઇ ચોક્કસ માહિતી મળે છે! અલબત, બારેય પ્રેષિતોનાં નામો એમની ચાર યાદીમાં આપણને મળે છે. એ રીતે પ્રેષિતો સિમોન અને યહૂદાનાં નામો આપણને બાર પ્રેષિતોની ચારેય યાદીમાં મળે છે.

યહૂદાનું નામ 'યાકોબના દીકરા યહૂદા' તરીકે આપણને નવા કરારમાં લૂકના શુભસંદેશ અને પ્રેષિતોનાં ચરિતોમાં તેમજ યોહાનના શુભસંદેશમાં મળે છે. માથ્થી અને માર્ક બાર પ્રેષિતોની યાદીમાં યહૂદાના નામને સ્થાને 'યદી' નામ આપ્યું છે. જેને બાઇબલના પંડિતો 'યહૂદા' જ માને છે. 'યહૂદા'નું નામ અને ઈસુને દગો દેનાર 'યહૂદા'નું નામ સરખું છે. એટલે લૂકના શુભસંદેશમાં બંનેને અલગ તારવા માટે "યાકોબનો દીકરો યહૂદા અને વિશ્વાસઘાતી નીવડતો હતો તે યહૂદા ઇશ્કરિયોત" તરીકે ઓળખવામાં આવ્યા છે (લૂક ૬, ૧૬).

પ્રેષિત સિમોનનું નામ શુભસંદેશમાં પ્રેષિતોની ચારેય યાદીમાં આવે છે. પ્રેષિત સિમોનને માથ્થી અને માર્ક તથા પ્રેષિતોનાં ચરિતોમાં "જહાલ સિમોન" તરીકે પ્રેષિતોની યાદીમાં ઓળખાવે છે (માથ્થી ૧૦, ૪; માર્ક ૩, ૮ અને પ્રેષિતોનાં ચરિતો ૧, ૧૩). લૂકે પ્રેષિતોની યાદીમાં "જહાલ નામે ઓળખાતો સિમોન"તરીકે એમનો પરિચય આપ્યો છે (લૂક ૬, ૧૫).

"જહાલ" તરીકેની પ્રેષિત સિમોનની ઓળખાણ આપણને ઘણું કહી જાય છે. સિમોન જહાલ પાટીર્નો સભ્ય હોઇ શકે. જહાલ પાટીર્ રાષ્ટ્રસ્વાતંત્ર્યાભિમાની ટોળકી હતી. એના સભ્યો પોતાના રાજ્યને રોમન સત્તામાંથી મુકત કરવા માટે આધુનિક ગોરિલ્લા-વાનરયુદ્ધની જેમ રોમનો તથા રોમન સત્તાની સેવામાં રોકાયેલા યહૂદીઓ પર ચોરીછુપીથી-છાનામાના છાપો મારતા. જૂના કરારમાં વર્ણવેલા મક્કાબીઓના વારસદારો તરીકે જહાલ પાટીર્ના લોકો ફકત ઇશ્વરને જ પોતાના રાજા માનતા. આધુનિક

આતંકવાદીઓની જેમ જહાલ પાટીર્ના લોકોના  વખતોવખતના હુમલાને કારણએ જ રોમનોએ ઇસ્વીસન ૭૦માં યરુશાલેમ યહૂદી લોકોના અતિ પવિત્ર મંદિરનો સર્વનાશ કયોર્ હતો.

પ્રેષિત સિમોનના જહાલ પાટીર્ સાથેનાં ચોક્કસ સંડોવણી અને સાથસહકારનો આપણને ચોક્કસ ખ્યાલ નથી. એની ખાસ જરૂર પણ નથી. કદાચ, ઈસુએ પોતાના બાર શિષ્યોમાંના એક તરીકે સિમોનને પસંદ કરતા પહેલાં તેઓ જહાલ પાટીર્ના સભ્ય હોઇ શકે. આપણા માટે એક જ માહિતી પૂરતી છે કે ઈસુએ જહાલ સિમોનને પોતાના ચુનંદા બાર શિષ્યોમાંના એક તરીકે પસંદ કર્યા છે અને એમને પોતાના સંદેશની ઘોષણા કરવા આદેશ આપીને લોકો વચ્ચે મોકલ્યા છે.

કૅથલિક ધર્મસભામાં યહૂદાને અશકય લાગતી અને ખોવાયેલી બાબતોના સંત ગણવામાં આવે છે. લોકો અશકય લાગતી બાબતો અને ખોવાયેલી વસ્તુઓ મેળવવા માટે યહૂદાની મધ્યસ્થીની પ્રાર્થના કરે છે.

બંને પ્રેષિતો યહૂદા અને સિમોનના જીવન અને ઈસુના સંદેશની ઘોષણા કરવાનાં તેમનાં પ્રેષિત કાયોર્ વિશે આપણી પાસે ચોક્કસ માહિતી નથી. પરંતુ પરંપરાગત માન્યતાઓ તથા અપોક્રિપલ લખાણ "ધ પાષ્યન ઑફ સાયમન અને જયુડ" (સિમોન અને યહૂદાની મહાવ્યથા) મુજબ બંને પ્રેષિતો પેર્ષ્યામાં ઈસુના સંદેશની ઘોષણા કરીને શહીદ થયા છે.

પાશ્ચાત્ય કૅથલિક ધર્મસભા બંને પ્રેષિતોના તહેવાર એક સાથે ઑકટોબરની ૨૮મીએ ઊજવે છે. પણ વૅટિકન વિશ્વ પરિષદે જણાવ્યા મુજબ બધા ખ્રિસ્તીઓ માને છે કે ખ્રિસ્તે સ્થાપેલા ખ્રિસ્તી ધર્મના પાયામાં બાર પ્રેષિતોના જીવન અને પ્રેષિત કાર્ય છે. એટલે આપણે સિમોન અને યહૂદા જેવા પ્રેષિતોના જીવન અને પ્રેષિત કાર્ય વિશે ખાસ જાણતા ન હોય તો પણ આપણે એમને વાર્ષિક તહેવાર દ્વારા એમને આદરમાન આપીએ છીએ અને મધ્યસ્થી પ્રાર્થના દ્વારા એમની મદદ માગીએ છીએ.